# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ : ૧ અંક : ૧૦ નવેમ્બર,૧૯૯૯

**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
દયા ચૌહાણ
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા

**દિવાળીની શુભકામનાઓ**

**સંસ્થા સાથે જોડાયેલા મંડળો, જુથો, સ્વૈ.સંસ્થા, નેટવર્ક સહયોગી સંસ્થાઓ અને ટપકના વાચક મિત્રો તથા સૌ શુભેચ્છક મિત્રો તરફથી ખૂબજ સહકાર મળતો આવ્યો છે મળતો રહેશે. નવા વર્ષના પ્રારંભે સૌને શુભેચ્છાઓ.**

**ઈએસસી અને ટપક પરિવાર**

## સાંપ્રત વેદના – પાણી

સૌરાષ્ટ્રનો પાણીનો પ્રશ્ન દિવસે દિવસે વિકટ બનતો જાય છે.અનિયમિત વરસાદ – કોઈ વિસ્તારમાં સાવ ન હોય કે આગલો કે પાછોતરો ન થાય, જલ સંગ્રહનો – આયોજનનો અભાવ, વધતો જતો પાણીનો વપરાશ, બગાડ વગેરે કારણોને મહત્વનાં ગણાવી શકાય. કારખાનાઓ ઝેર ઓકે છે. કચરો જયાં ત્યાં પાણીમાં ઠલવાયે જાય છે. પર્યાવરણ દુષિત થતું જાય છે.પાણી છે ત્યાં જીવન છે. સંસ્કૃતિનો વિકાસ જલસ્ત્રોત નદી,સરોવર, સમુદ્રના કિનારે વિશેષ થયો છે. સરિતા કિનારે ગામ, વૃક્ષોના ઝૂંડ, પશુ ચારતા ગોપાલ, પક્ષીઓના મધુર ગાન, કલ્પનાજ કરવાની રહે છે.પાણીનું સ્થળાંતર થાય છે પણ તેનો નાશ થતો નથી. અસ્તિત્વ કાયમ રહે છે. તેના ઘન, પ્રવાહી અને વાયુ સ્વરૂપો છે. હિમાલય અને ધ્રુવ પ્રદેશોમા જળ ઘન સ્વરૂપે પડયુ રહે છે. વાયુ સ્વરૂપ ગતિશીલ છે. આ બાષ્પીભવન થાય તેને કોઈ પ્રાદેશિકતા કે રાષ્ટ્રીયતા નથી. સમુદ્રના જળ ખારાં છે. આવો સંગ્રહ નેવું ટકા ઉપરાંતનો બાકીના સાતથી આઠ ટકામાંથી દક્ષિણ ધ્રુવ ચારથી પાંચ ટકામાં એ સિવાય બે ત્રણ ટકા પાણીના સંગ્રહો – ડેમ અન્ય માત્ર એક કે દોઢ ટકા પર માનવીએ જીવન ગુજારવાનું રહે છે.

આપણાં વૃધ્ધો કહે છે. કે છપ્પનિયા કાળમાં પંદર ફુટે જ પાણી હતું મેં બચપણમાં નજરે નિહાળેલું છે કે જેમાં સિંચણ દોરીની જરૂર પડતી નહી તેટલા જ ઉંડા કુવા હતાં અગર બે ત્રણ ફુટ દોરીની જરૂર રહેતી. મકાનનાં પાયામાં પાણી દેખાતા પરંતુ ત્યારે ટેકનોલોજીનો અભાવ હતો. આજે ટેકનોલોજી આવી તો પાણી નથી. આજે ખેતીવાડીમાં પણ દાર આઠસો હજાર ફુટે પહોંચ્યા છતાં પાણી નથી દાર ખોટા નીવડે છે. પહેલાનાં જમાનામાં માણસો ભુખે મરતાં હવે તરસે મરવાનો વારો ન આવે તે માટે બાષ્પીભવન થતાં પાણીને કોઈ પણ રીતે રોકવાની અને જળનો અસંતુલીત ઉપયોગ ન થાય તે જોવાની તાતી જરૂર છે. આજ સુધી કયાંક પાણીનો સંગ્રહ કરવાનું શીખાયું નથી. જાગૃતિ નથી. યોગ્ય સંગ્રહ થતો નથી. વળી દરેક વસ્તુતો પાણીના ભોગે જ બને છે.આનો ઉકેલ માનવીએ જ શોધવાનો રહે છે. રાજય – રાજય વચ્ચે જલ વિવાદ જાણિતો છે. જો આમને આમ પરિસ્થિતિ ચાલુ રહેશે તો હવેના વર્ષોમાં વ્યકિત–વ્યકિત, ગામ અને પ્રદેશ– પ્રદેશ વચ્ચેના જલ ઝઘડાના કેસોથી કોર્ટો છલકાશે. આના ઉકેલ માટે ગામડાં અને શહેરો પણ ભૂર્ગભ જલ ભંડારો કરી સ્વાવલંબી બને ક્રિસ્ટલ વોટરની યોજનાઓ કરે તે અત્યંત જરૂરી છે.

એક નાગર ગૃહસ્થ સાથેની વાત ચિતમાં જાણી શકાયું કે ગુજરાતમાં નાગર જ્ઞાતિમાં આજે પણ મકાનોમાં ભૂર્ગભ ટાંકાનો રિવાજ છે. આપણે ત્યાં કુવા, ડંકી,દાર રિચાર્જની પ્રવૃતિ થોડી પણ શરૂ થઈ છે. ત્યાં લાભ થયો છે.

ખેત તલાવડી, નાના ચેકડેમ આ બધા ઉકેલ છે જે પણ પાણી બાષ્પીભવન ન થાય તેવા સંગ્રહોની તેમજ વરસાદનું પાણી ખોટી રીતે વહી ન જાય તેવી વ્યકિત અને સમષ્ટિ યોજનાઓ તત્કાલ કરવાની જરૂર ઉભી થઈ છે.જંગલો કપાતા જાય છે. વૃક્ષો વવાતાં નથી કે વવાય તો ઉછેરવાની કાળજી કરાતી નથી. મકાનોના જંગલોમાં જમીનો વપરાતી જાય છે. આને કારણે ફલોરાઈડ યુકત પ્રદેશોમાં વધારો થતો જાય છે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારની બેડા લાઈનો, પાણીનાં ટેન્કર આવે ત્યારે થતાં બેડા યુધ્ધ આ દ્રષ્યો નજરે જોઈ પાણીની વેદના પદ્યમાવ્યકત કરી વિરમીએ.

**નળમાં તો પાણીનો છાંટો મળે નહી ને....**
**દુનિયાની નદીયું સૂકાઈ ગઈ**
**તળમાં નથી કયાંય જળનો અણસાર**
**હવે તો આંખ્યુમાં ડંકી મૂકાઈ ગઈ.**
**જળતો સૂકાણાં, તળ પણ સૂકાણા**
**પડે છે. પાણીનો પોકાર....**
**દૂર ક્ષિતિજે દેખાયે નીરનાં.... નીર....**
**કેવળ આભાસ.... મૃગ જળ....**
**જાંજવાનાં જળ....**

રસિકભાઈ ચંદારાણા

**આ વરસાદ, ધોધમાર વરસે,ને પાણી કયાં ?**

**પ્રાથમિક શાળા અને બાળક**

શાળા એ મંદિર છે, ઘર છે. બાળકનાં વિકાસનો પાયો ત્યાથી શરૂ થાય છે. દિવસનો વધુ સમય બાળક શાળામાં રહે છે. શિક્ષણની સાથે – સાથે કૌટુંબિક જ્ઞાન, ધાર્મિક, સંસ્કારોનું સિંચન કરે છે. બાળકની બુધ્ધિના વિકાસ માટે તેમને પોતાના મનમાં આવતા વિચારો પર દબાણ લાવવાને બદલે તેને રજુ કરવાનો મોકો મળવો જોઈએ. શિક્ષકોએ ખાસ ધ્યાન રાખવું બાળક જ્યારે પ્રશ્ન પુછે ત્યારે શાંતિથી સાંભળી તેનો યોગ્ય જબાવ આપવો. વધુમાં વધુ પ્રશ્નો બાળક તરફથી આવે તેવો શિક્ષકનો પ્રયત્ન હોવો જોઈએ.બાળકને પોતાના પ્રશ્નનો જવાબ ન મળે તો માનસિક બિમારીનો ભોગ બને છે. શિક્ષક બધાજ વિદ્યાર્થી વચ્ચે બાળકને મારે કે ધમકાવે તો બાળકના મન પર તેની કાયમ અસર રહે છે. અને તેનો આત્મવિશ્વાસ ઘવાય છે. મનમાં ગ્રંથી બંધાય છે કે તેમને કંઈ આવડતું નથી અને આમ તેને અભ્યાસ પરથી રસ ઉઠી જાય છે.

શાળાએ જવાની ઉંમરના બાળકોની કાળજી લેવાની ફરજ શિક્ષક જેટલી જ તેના વાલીની પણ છે. પરંતુ શાળાએ જવાને બદલે રખડવા ચડી જતા બાળકોને તેના વાલી કે શિક્ષક બંને કંઈ કહેતા નથી તેવું સામાન્ય થઈ ગયું છે. આવા બાળકોને ભણવામાં રસ નથી તેમ માની શિક્ષક છુટી જાય છે. જયારે વાલી તેને પોતાના વ્યવસાયમાં કે અન્ય કામમાં જોડવાનો પ્રયત્ન કરે છે. જેના કારણે બાળકનો અભ્યાસ સંપૂર્ણ છુટી થાય છે.

સ્વૈછિક કાર્ય કરતા સાથીઓની નજર આ પ્રકારની બાબતો પર પડે છે. ત્યારે આ બાળકોને ફરી ભણતા કરવા અવૈધિક શિક્ષણ જેવા કાર્યક્રમો સંસ્થા દ્વારા શરૂ કરવાનું વિચારવું પડે છે. જેને કારણે વિધિસરનું શિક્ષણ કે જેને ફરજીયાત બનાવવામાં આવ્યુ છે. અને વહિવટી તંત્ર દ્વારા તે કાર્ય માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવાના તમામ પ્રયત્નો થઈ રહ્યા છે. તેની સાથે ખૂબજ ઓછા સાધનો અને સુવિધા વિના સાથે સંસ્થાઓ પોતાના કાર્યકર્તાઓની મદદથી અવૈધિક શિક્ષણ વર્ગો ચલાવે છે. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ખાંભા તાલુકાના દસ ગામોમાં આ પ્રકારના વર્ગો છેલ્લા એક વર્ષ થી ચાલી રહ્યા છે. સમગ્ર વિકાસ ટ્રસ્ટ રાજુલા તથા ધારી તાલુકામાં આ કામગીરી કરી રહ્યુ છે. જયારે કચ્છ મહિલા વિકાસ સંગઠન દ્વારા કચ્છમાં પણ કંઈક અલગ રીતે પોતાના વિચારોથી બાળકોને રસ પડે તેવા સરસ સાહિત્ય દ્વારા શિક્ષણ આપવાનું કાર્ય ચાલી રહ્યુ છે. ગણતર – અમદાવાદ તથા શિશુ મિલાપ – વડોદરા જેવી ઘણી સંસ્થાઓ બાળ મજુરોને ફરી શિક્ષણ લેતા કરવાની કામગીરી કરી રહી છે.આ તમામ પ્રયત્નો શાળા છોડી દીધેલા કે શાળામાં દાખલ ન થયા હોય તેવા તમામ બાળકોને શાળાના અભ્યાસ ક્રમમાં જોડવા માટેના છે.

**તાલીમકારોની તાલીમ**

તા. ૨૦ થી ૨૩ ઓકટોબર દરમ્યાન FWWB દ્વારા તાલીમ કારોની તાલીમ ચરણ –૨ અમદાવાદ ખાતે યોજાયેલ જેમા વિકાસ, ગ્રામ્યવિકાસ ટ્રસ્ટ, શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર, સદગુરૂ ફાઉન્ડેશનના ૨૦ તાલીમકારોએ બચત મંડળમા હિસાબોનું મહત્વ, બચત ધિરાણ સાથે આરોગ્યનું જોડાણ, આવક ઉપાર્જનની પ્રવૃતિ, નિરિક્ષણ મૂલ્યાંકનની તાલીમ કરવા સંબંધી વિગતો શીખવવામાં આવી હતી.

**જનપથ – આઈડીયલ**

૨૫–૨૭ ઓકટોબર દરમ્યાન જનપથ અને આઈડીયલ દ્વારા કાર્યક્રમ પ્રબંધન પર તાલીમ યોજવામાં આવી જેમાં શિક્ષણ કેન્દ્રના શ્રી ધીરૂભાઈ તથા સુરેશભાઈ એ ભાગ લીધો હતો.

**યુવતિ વિકાસ કેન્દ્ર**

**મહિલા વિકાસ ગુહ – અમરેલી**

તા.૧૧ ઓકટોબરના મહિલા વિકાસ ગૃહ ખાતે યુવતિ સંમેલન યોજવામાં આવેલ શ્રી બીપીનભાઈ ,શ્રી જયંતિભાઈ તળાવીયા શ્રી ધીરૂભાઈ વાગડીયા, કુ. પૂર્વી ત્રીવેદી ઉપસ્થિત રહી ૮૦ યુવતિઓને આરોગ્ય તેમજ કારકીર્દી પર માર્ગદર્શન આપેલ.

**દેવરાજીયા**

તા. ૩૦ ઓકટોબરના રોજ દેવરાજીયા મુકામે યુવતિ વિકાસ કેન્દ્ર દ્વારા જુથ કાઉન્સેલીગ યોજવામાં આવેલ યુવતિઓએ પોતાને મુઝવતા પ્રશ્નો રજુ કરી આરોગ્ય પર માર્ગદર્શન મેળવેલ છે.

**સ્વસહાય જુથો**

ઓકટોબર માસ દરમ્યાન બચતના માધ્યમથી આંબલીયાળા, રબારીકા, વાંકીયા, રૂગનાથપુર, જીકીયાળી, પીપળવા, તાતણીયા ગામે સ્વસહાય જુથો કાર્યરત થયા છે.

જુથો બચતની સાથે સાથે ગામ વિકાસના કામો, સાક્ષરતા, સ્વચ્છતા માટે ગામમાં પાણી, ગટર, શોષખાડાની વ્યવસ્થા કરવા માટે ગ્રામ પંચાયત, ગુ.રા.પા.પુ.અને ગટર વ્યવસ્થા બોર્ડ સુધી પહોંચેલ છે. જુથના આગેવાન બહેનોએ ગામમાં રાત્રી વર્ગ શરૂ કરી દરેક બહેનને અક્ષર જ્ઞાન આપે છે.

સ્વસહાય જુથોએ કરેલા વિકાસના કામોની કીર્તી દરેક ગામમાં સાંભળવામાં આવે છે. આ જોઈને કેટલાક નવા જુથો બનેલ છે. તેમજ હવે ભાઈઓને પણ જુથ બનાવી કામ કરવાની પ્રેરણા મળી છે. ભાઈઓ દ્વારા પણ બચત જુથો રચવામાં આવેલ છે. પચપચીયા ગામે ચાલતા શ્રીજી મહિલા મંડળ, વિકાસ મહિલા મંડળ અને ભાઈઓએ એકતા મંડળ બનાવેલ છે. ત્રણેય જુથના સભ્યોમાં ખરેખર એકતા જોવા મળેલ છે. વિકાસના કામોમાં સ્ત્રી પુરૂષના મત – ભેદ ભુલી હાથમાં હાથ મીલાવી ચાલી રહ્યા છે.

**પાણીને રોકી, ઉતારો જમીનમાં, ઉનાળે આવે કામ.**

**લાસા ગામે ગુટખાને ગુડબાય**

ખાંભા તાલુકાના નાનકડા લાસા ગામમાં બાળકો,નાની બાળા ઓ યુવાનો અને વૃધ્ધોમાં ગુટખાનું વ્યસન હતું નાના બાળકોને વાલીઓ પૈસા આપે કે તરત દાંડીયા, ચુટકી, વિમલ,ખરીદી હોંશે હોંશે ખાતા ગામ માટે ગુટખા એ દુષણ હતું.ગુટખા નામના રાક્ષસને હટાવવા ગામનું યુવા મંડળ તથા સંસ્થાના પ્રતિનિધિ અને તેજ ગામના વતની ચંદુભાઈ રૈયાણીએ ગામના યુવાનો અને વેપારીઓને હાજર રાખી ૧૫/ ૧૦/ ૯૯ના રોજ મિટીંગ બોલાવી વેપારીઓએ ગુટખાના વેચાણ પર પ્રતિબંધ મુકયો અને કાલથી જે કોઈ ગુટખા વેંચે તો રૂા. ૫૦૧ દંડ થશે. આ દંડ વિકાસના કામોમાં વપરાશે તેમ નક્કિ કરેલ છે.

**નૈનીતાલ ખાતે રાષ્ટ્રીય એકતા શિબિર યોજાઈ**

શ્રી અરવિંદ આશ્રમ ન્યુદિલ્હી  દ્વારા તાજેતરમાં વનનિવાસ નૈનીતાલ ખાતે ૧૦ દિવસના નેશનલ ઈન્ટ્રીગ્રેશન કેમ્પનું આયોજન થયેલ તેમાં રાજુલા યુથ હોસ્ટેલના સેક્રેટરી શ્રી પી. પી. કાનાણીના નેતૃત્વ નીચે છ સભ્યોનું ગ્રુપ ભાગ લઈ આવ્યુ. આ શિબિરથી વિવિધ પ્રવૃતિઓ દ્વારા યુવાનોમાં રાષ્ટ્રીય એકતાની ભાવના, સાહસિકતા, દેશપ્રેમ, સંગીત પ્રેમ, પર્યાવરણ જાગૃતિ, વસ્તી વધારાથી દેશ પર થતી અસરો જેવા વિવિધ ક્ષેત્રે યુવાનોમાં જાગૃતિ આવી.

**માનવ કલ્યાણ ટ્રસ્ટની માનવ સેવા**

૧) ચાલુ વર્ષ ચોમાસુ નિષ્ફળ જતાં સંસ્થાએ ૨૦ સપ્ટેમ્બરના રોજ અંબાજી ખાતે સંમેલન યોજેલ જેમાં ૪૯ ગામના ૩૭૫ લોકોએ ભાગ લીધો. સંસ્થાના ટ્રસ્ટીશ્રીએ સંમેલનનો હેતુ સમજાવી ટુંકા ગાળાના અને લાંબા ગાળાના પીવાના પાણીના આયોજનની ચર્ચા કરી તેમજ પાણી બચાવવા અન્ના હજારેના વિચારો અને તાલુકામાં થઈ રહેલ જળસંગ્રહની પ્રવૃતિઓની વિગત આપી. પાણી માટે દરેક મંડળો અને જંગલ બચાવવા વન વ્યવસ્થાનો વિચાર મુકયો. સંસ્થા પ્રતિનિધિઓ દ્વારા અછત રાહત કમિટી બનાવી કલેકટરશ્રીને આવેદન પત્ર અપાયુ. જે તેમણે સ્વીકારી તાકીદે પાણી પુરવઠા અધિકારીઓ ની મીટીંગ બોલાવી.૨) સંસ્થા દ્વારા વિજય નગર તાલુકાના ચિકોડા ગામે વિસ્તાર વિકાસ સંમેલન યોજાયું જેમાં ૫૭૫ મહિલાઓએ ભાગ લીધો.ડે. કલેકટરશ્રી પરમાર સાહેબ વિકાસ માટે જરૂરી સુચનો અને વોટરશેડ, સહભાગી વન વ્યવસ્થા, પશુપાલન વિકાસ બાબતે સુચનો કરી રાલેગાંવ સિધી તેમજ અન્ય સ્વૈચ્છિસંસ્થાઓમાં ચાલતી પ્રવૃતિઓની જાણકારી આપી. અંસારી સાહેબે મહિલાઓમાં જાગૃતિ લાવવા માટેના મુદ્દા રજૂ કર્યા અને વિકાસમાં મહિલાઓ શું ફાળો આપી શકે તેની ચર્ચા કરી સંસ્થાના ટ્રસ્ટીશ્રીએ કુદરતી સંસાધનો ના જતન અને વિકાસ તેમજ મહિલા સમાનતા પર વાત કરી કાર્યક્રમનું સંચાલન શ્રી જગદીશભાઈ એ કર્યુ હતું.

૩) સંસ્થાના સહયોગથી ઈડર ગોપાલક સહકારી મંડળી ઈડર દ્વારા ઈડર ખાતે ૬/ ૧૦/ ૯૯ના રોજ મહિલા સંમેલન યોજાયુ જેમાં રાલેગાંવ સિધીના અન્ના હજારે દ્વારા ગામની કાયા પલટ (૧) નશાબંધી (૨) નસબંધી (૩) કુહાડીબંધી (૪) ચરાઈ બંધીની વિગતો આપવામાં આવી.ચંદ્રલા ગામે દુધ ડેરીની સફળ તા, પ્રતાપપુરામાં માલતી બેનનો સફળ પશુપાલન વ્યવસાય, સામાજિક રીત રિવાજોમાં સુધારા, વિકાસ કાર્યોમાં મહિલાઓને સ્થાન, શિક્ષણ અને આરોગ્ય સુધારણા અને બચત પ્રવૃતિને મજબુત બનાવવી વિ. ચર્ચા કરવામાં આવી.

**આસરા સંસ્થાની અસરકારક કામગીરી**

આશરા સંસ્થાના નેજા હેઠળ પંચમહાલ જિલ્લાના ગાજીપુર નવી વસાહત ખાતે અસર ગ્રસ્તોનું સંમેલન ૨, ઓકટોબર ના રોજ યોજાયું જેમાં ૨૦૦ની સંખ્યા માંથી ૧૭૦ જેટલી બહેનો હાજર રહી હતી. જેમાં ગત વર્ષનો અહેવાલ રજુ કરવામાં આવ્યો જેમાં વર્ષ દરમ્યાન પર્યાવરણ નિદર્શન ૨૦ જેટલા બચત મંડળોની રચના યુવક મંડળો અને સમિતિઓ રચાઈ છે. ચાલુ વર્ષે ૨ મંડળ ો ને ૨૭૦૦૦/– રૂા. લોન મળી છે. જેનો ૪૦ બહેનોએ ખેતી કામ માટે ઉપયોગ કર્યો છે. ૩ પરણીત મહિલાઓને કુટુંબ કલેશ બાબતે સમાધાન કરવામાં આવ્યુ.

આ વર્ષે સહભાગી આયોજન કાર્યક્રમ હાથ ધરી નીચે મુજબનું આયોજન કર્યુ છે. ૨૦૦ જેટલા બચત મંડળો ઉભા કરવા, સિંચાઈ અને પીવાના પાણી માટે સ્ત્રોત ઉભા કરવા, વિસ્તારના પ્રશ્નો માટે સંગઠનો ઉભા કરી સક્રિય બનાવવા, જંગલ અધિકારો માટે સંગઠનો અને ગાજીપુર ખાતે આશરા સંસ્થાનું  કાર્યાલય શરૂ કરવું.

**પ્રતિભાવો**

આપનો ઓકટોબર ૧૯૯૯નો ‘ટપક'નો અંક મળ્યો વાંચી માહીતી જાણી. આપ લોકોએ અમારી સંસ્થાનું સરનામું મેળવી જે રીતે અંક મોકલવાનું શરૂ કર્યુ છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

બિપીન દવે,શ્રીમતી ડાહીબેન સ્ત્રી વિકાસ કેન્દ્ર ,સોનગઢ

‘ટપક' અંક વાંચી અમને જળ સમસ્યા અંગે તથા અનેક વિસ્તારોના ગામમાં ચાલતા સ્વનિર્ભર જુથો વિશે જાણકારી આપવાનો આપનો અભિગમ ખુબ ગમ્યો.

ઉદેસિંહ – સમન્વય રિસોર્સસેન્ટર, ફેલીયા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની ગતિવિધિઓનો પારદર્શક અરીસો રજુ કરતો ‘ટપક' મુખપત્ર રેગ્યુલર મળે છે.

દિનેશ પડાયા  – બરવાળા (બાવળ)

‘ટપક' વાંચી આનંદ થાય છે.  તેમાં  અસરગ્રસ્તોની વાતને પણ સ્થાન મળે તેવી અપેક્ષા ‘ટપક'ટપકાવવાનું ચાલુ રાખશો  તો લોકો  ટપકવાનું ચાલુ રાખશે.

ઈશ્વર યોગી – આશરા

## અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દશ ગામોમાં વોટરશેડ યોજનાએ હરિયાળી લહેરાવી.

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ખીચા, રામપુરા, ફતેહગઢ, છતડીયા, કરમડી, હિરાવા, ખીસરી, ત્રંબકપુર, જળજીવડી અને રાજસ્થળી નામના ગામમાં વોટરશેડ યોજનાને કારણે કુવાના પાણીના તળ ઉંચા આવ્યા છે. પાક વધ્યો છે. અને ગ્રામજનોની આર્થિક સ્થિતિ સુધરી રહી છે. આ દશ ગામોમાં પહેલા પાણીની સ્થિતિ વિકટ હતી. પરંતુ વોટરશેડ યોજના અંતર્ગત કાર્યક્રમ અમલીકરણ સંસ્થા વિકાસ સમર્થન કેન્દ્ર (ડી.એસ.સી.) ના નેજા હેઠળ ગ્રામજનોની ભાગીદારી સાથે ચેકડેમ, નાલાપ્લગ, કન્ટુર બન્ડીગ, સ્ટ્રેચ, અને લુઝ બોલ્ડર સ્ટ્રકચર બનાવીને પાણીનો અસરકારક સંગ્રહ કરવામાં આવ્યો છે. આ વર્ષે એક જ વરસાદ થયા પછી દસેય ગામોમાં વોટરશેડ પ્રોજેકટનું સુખદ પરિણામ મળ્યુ છે.

હીરાવા ગામના ખોડાભાઈ વાલાભાઈ ડાભી કામનું પરિણામ જોઈને ખુશ ખુશાલ થઈ ગયા છે. તેમના ખેતરનું પાણી શેત્રુંજી નદી કે વોંકળામાં ચાલ્યુ જતું પ્રોજેકટ હેઠળ લુઝ બોલ્ડર બનાવ્યુ. વરસાદ આવતા તે ભરાયુ પાણી જમીનમાં ઉતર્યુ ૨૦૦ ફુટે પાણી નહોતુ મળતું તે ૭૦ ફુટે મળવા લાગ્યુ. પિયત કરવાથી મગફળી અને કપાસનો મબલખ પાક મળ્યો. છ એકર જમીન માંથી પહેલા માંડ ૩૦ હજાર રૂપિયા રળી શકતા પરંતુ સ્ટ્રકચર બનવાથી ૭૦ હજાર રૂપિયા રળી શકયા. હીરાવા ગામના ૪૦ જેટલા ખેડુતોએ પાળા બંધીનું કામ કર્યુ જેને કારણે શિયાળામાં ૨ માસ સુધી જમા રહેતું જે ૪ માસ સુધી ઉપલબ્ધ બન્યુ. સૌથી વધુ ફાયદો ગામના હરિભાઈ કેશુભાઈ ભુવાને થયો. તેમણે ૪૦,૦૦૦ ના ખર્ચે ૨ કુવા કરાવ્યા હતા. તેમા પાણી થયું નહી. આ યોજના હેઠળ તેમણે નાલાપ્લગ બનાવ્યુ. ૭૦ ફુટના કુવામાં ૧૫ ફુટ પાણી ભરાયુ બીજો કુવો ઠેઠ ઉપર સુધી ભરાયો. પાણીના ફાયદાને કારણે વિપુલ ઘાસ ચારો થયો. બહારથી ઘાસ ખરીદવું પડતુ તે બંધ થયુ.વોટરશેડ યોજનાના અમલીકરણથી ફાયદો થયો એમ કહેવુ સહેલુ છે. પણ વાત એટલી બધી સરળ નથી. ઘણી મુશ્કેલીના અંતે આ કામો શકય બન્યા છે. યોજના અંતર્ગત ગામમાં સંગઠનો રચાયાછે. આ સંગઠનો ગામના અન્ય પ્રશ્નો ઉકેલવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. ગીર વિસ્તારના ખીસરી ગામના વિમળા બેન યોજનાના કામમાંથી ઘણું શીખ્યા છે. ગામમાં તેમણે સ્વયંસેવક તરીકેની જવાબદારી ઉપાડી હતી. એન્ટ્રીપોઈન્ટ એકટીવીટી હેઠળ જુનો ટાંકો તોડીને નવો ટાંકો બનાવવાનો હતો. તેની સંપૂર્ણ જવાબદારી વિમળાબેન રાખતા. અભણ હોવાથી હિસાબ તેમના પતિ કે બાળકો પાસે લખાવતા. ધારી ડી. એસ.સી.ને ઓફિસ જવામાં અને કાર્યકરો સાથે વાતો કરવામાં સંકોચ અનુભવતા જયારે આજે તેઓ ઘડાઈ ગયા છે.યોજના શરૂ થવાથી નર્સરી શરૂ કરવામાં આવી છે. ભાઈ – બહેનો ના બચત મંડળો શરૂ થયા છે. દર વર્ષે પશુપાલન કેમ્પ યોજાય છે. ગરીબ મજુરોને રોજગારી પ્રાપ્ત થઈ છે.ઉપરોકત ૧૦ ગામોમાં મોટા ખેડુત, સિમાંત ખેડુત,જમીન વિહોણા મજુરોના ૧૩૦૦ કુટુંબોને ફાયદો થયો છે. બચત મંડળો ખાતર, બિયારણ અને દવા માટે કુવા ગાળ વા માટે તેમજ બિમારી માટે ધિરાણ કરે છે. આમ ગ્રામ જનો પોતાનું જીવન ધોરણ ઉંચુ લાવવામાં સફળ નિવડયા છે.

### જળ સમસ્યા અંગે વિચાર ગોષ્ઠિ

'જનપથ' અમદાવાદ જળસમસ્યા આધારિત વિચાર ગોષ્ઠિનું આયોજન કરવા ઈચ્છે છે તો રસ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ જળસમસ્યાઓની વિગતો મોકલી આપે.

Printed by Dhiren Vagadia and Published by Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere (ESC) and Printed at Shakti Offset - Amereli and Published at Amreli, Editor Dhiren Vagadia, Amreli

**Book -Post,Printed Matter**
**Post Regn. No. G/AMI-91/99**

ESC

પ્રતિશ્રી, ______

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫

**રોકીને પાણી, બાંધીલો પાળ તાણી, વાત છે શાણી**